# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-09-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ:

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા 24 કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ વરસાવ્યો છે. પૂર્વ રાજસ્થાનમાં હળવું દબાણ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને ઉત્તર ગુજરાત અને કચ્છના ઉત્તરના ભાગ તરફ આગળ વધ્યું હતું અને વધુ ઉત્તર-પશ્ચિમ એટલે પાકિસ્તાન તરફ ગતિ કરી રહ્યું છે જેના કારણે ગઇકાલથી સમગ્ર કચ્છમાં વરસાદ વરસી રહ્યો છે.

વરસાદના પગલે જિલ્લાના તમામ 10 તાલુકામાં એકથી 15 ઇંચ વરસાદ નોંધાયો છે. જિલ્લા કન્ટ્રોલરૂમ પાસેથી મળેલી માહિતી અનુસાર આજે સવારે 6 વાગ્યાથી બપોરના 4 વાગ્યા સુધીમાં રાપર તાલુકામાં 120 મિલીમીટર, ભચાઉમાં 105, અંજારમાં 70, ભુજમાં 81, નખત્રાણામાં 91, અબડાસામાં 55, માંડવીમાં 35, મુન્દ્રામાં 28 અને ગાંધીધામ તાલુકામાં 91 મિલીમીટર વરસાદ નોંધાયો છે. આજે સૌથી વધુ લખપત તાલુકામાં 130 મિલીમીટર વરસાદ નોંધાયો છે. વાગડ વિસ્તારમાં અને બન્ની પચ્છમમાં મોટા પાયે વરસાદ પડયો છે. નડાબેટનો રણપ્રદેશ દરિયામાં ફેરવાયો હતો.. અત્યારે પણ જિલ્લામાં વરસાદ અવીરત વરસી રહ્યો છે. ભારે વરસાદના પગલે ભુજના બસસ્ટેશન પાસે પાણી ભરાયા હતા તો માંડવીના નીચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાયા છે. અંજારમાં વરસાદના પગલે મોટાભાગના ધંધાર્થીઓએ પોતાના કામધંધા બંધ રાખ્યા હતા અને ઘરથી બહાર નીકળવાનું ટાળ્યું હોવાનુ અંજારના અમારા શ્રોતામિત્ર અબ્દુલ કાદર ખત્રીએ જણાવ્યું હતું.

ભારે વરસાદના પગલે હમીરસરમાં નવા નીરની આવક થઇ છે, સતત પાણીની આવકના કારણે હમીરસર છલકાઇ જાય તેવી શક્યતા છે.

---

## વહીવટી તંત્ર દ્વારા પગલા:

કચ્છમાં રવિવારથી પડી રહેલા વરસાદના કારણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. હાલ તંત્ર દ્વારા જોખમી માર્ગો બંધ કરવા સાથે નીચાણવાળા વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર સહિતના પગલા ભરાયા છે. લોકોને મુશ્કેલી ન પડે તે માટે શેલ્ટર હોમ ખાતે તમામ પ્રકારની વ્યવસ્થા સાથે તંત્ર સજ્જ છે. જિલ્લામાં ભુજ એન.ડી.આર.એફ.ની એક ટુકડી તથા રાપર ખાતે એસ.ડી.આર.એફની એક ટુકડી મુકવામાં આવી છે, તે કોઈપણ મુશ્કેલ સ્થિતિને પહોંચી વળવા સતત તૈનાત છે

હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ જોખમી રસ્તાના કારણે જિલ્લામાં ૧૦ બસ રૂટ તથા ૧૮ ટ્રીપ રદ કરવામાં આવી છે. રાપર તાલુકાના માનગઢ ગામના ૨૦ લોકોનું શેલ્ટર હોમ ખાતે સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું છે, અત્યારસુધી કોઇ માનવી કે પશુ જાનહાનિ નોંધાઇ નથી.

ભારે વરસાદના લીધે ટપ્પર ડેમના ૧૪ માંથી ૭ દરવાજા ખોલવામાં આવ્યા છે. અંજાર તાલુકાના ટપ્પર, પશુડા અને ભીમાસર તથા ભચાઉ તાલુકાના ચીરઈ નાની અને ચીરઈ મોટી ગામના લોકોએ નીચાણવાળા વિસ્તારમાં અવરજવર ન કરવા અને સતર્ક રહેવા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

---

## ડેમોના આસપાસના ગામોને સર્તક રહેવા અનુરોધ:

કચ્છમાં ભારે વરસાદના લીધે જિલ્લામાં આવેલા મધ્યમ સિંચાઇ યોજના હેઠળના ૯ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. રાપર તાલુકાનો ફતેહગઢ, સુવઇ, ભુજ તાલુકાનો કાયલા, મુન્દ્રાનો કારાઘોઘા, માંડવીનો ડોણ, નખત્રાણાનો નિરોણા અને  અબડાસાનો કંકાવટી, મીટ્ટી ડેમ ભરાયેલા છે. આ ડેમોના નીચાણવાળા વિસ્તારમાં આવતા ગામોના નાગરિકોને સતર્ક રહેવા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

---

## સાંતલપુર-રાધનપુર નજીક નેશનલ હાઇવે પર ટ્રાફિક જામ:

ભારે વરસાદના પગલે સાંતલપુર-રાધનપુર નજીક નેશનલ હાઇવે પર પાણી ફરી વળતા લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર સ્થળ પર જઇ જરૂરી સૂચનો કર્યા હતા. વૈકલ્પિક વ્યવસ્થા કરી અને વાહનવ્યવહાર પૂર્વવત થાય તે દિશામાં કામગીરી હાથ ધરાઇ છે. બે દિવસથી પડી રહેલા વરસાદના કારણે કચ્છના અનેક માર્ગો, અને ડાયવર્ઝનને નુકસાન થયુ છે. બીટા કોટડા રાજ્ય ધોરીમાર્ગ પર બીટા પાસેનો પુલનો ડાયવર્ઝન તૂટી પડતા નખત્રાણા-નલિયા માર્ગ બંધ થયો હતો.

વરસાદના લીધે રાપર તાલુકામાં નેશનલ હાઇવે નંબર ૯૨૭ સી ચિત્રોડ-રાપર-બાલાસર વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવેલ છે અને વૈકલ્પિક માર્ગ તરીકે રાપર-કલ્યાણપર-સેલારી-ફતેહગઢ-મોવાણા-બાલાસર રોડનો ઉપયોગ કરવા જણાવાયૂં છે.

---

## કંન્ટ્રોલરૂમ શરૂ:

વરસાદમાં નાગરિકોને કોઈ જ મુશ્કેલી ન પડે તે હેતુથી કચ્છ કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. કોઈપણ સહાયતા માટે જિલ્લા કંટ્રોલ રૂમ ૦૨૮૩૨-૨૫૦૯૨૩ અને ૨૫૨૩૪૭ પર સંપર્ક કરવા વહીવટીતંત્ર તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

નાગરિકોને રસ્તાઓ તથા કોઝ વે પરથી પાણી પસાર થતું ત્યારે રસ્તો પાર ન કરવા તથા ઉંડા પાણીમાં ન જવા માટે યોગ્ય કાળજી રાખવા માટે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## મેળાના ધંધાર્થીઓ માટે રહેવા જમવાની વ્યવસ્થા:

કચ્છમાં બે દિવસથી પડી રહેલા વરસાદના કારણે મોટા યક્ષનો મેળો આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવ્યો છે. ભારે વરસાદના પગલે મેળામાં વ્યાપાર કરવા આવેલા ધંધાર્થીઓ

મુશ્કેલીમાં મુકાયા હતા. મેળા સમિતિ, ગ્રામ પંચાયત, સ્થાનિક લોકો દ્વારા ધંધાર્થીઓ માટે રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

---

## ભુજ નગર પાલિકા:

જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ દ્વારા પણ કન્ટ્રોલરૂમ કાર્યરત કરાયા છે. ભુજ નગરપાલિકા દ્વારા ડ્રેનેજને લગતી કામગીરી માટે ટીમો બનાવવામાં આવી છે. આપત્તિના સમય માટે ફૂડ પેકેટની પણ તૈયારીઓ કરાઇ છે ઉપરાંત સ્થળાંતર કરાયેલા લોકો માટે બે સમાજવાડીની જગ્યા પણ ફાળવવામાં આવી હોવાનુ ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન મહિદીપસિંહે જાડેજાએ જણાવ્યું હતું.

---